**Shri Govind Guru University, Godhra**
(Established Vide Gujarat Act No. 24/2015)
**શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા**
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

નં.એસજીજીયુ/વહીવટ/૨૦૧૯/૪૩૪૭૨ તા. ૧૮/૦૯/૨૦૧૯

**પરિપત્ર – ૯૫૮**

વિષય : સિંગલયુઝ પ્લાસ્ટીક ફ્રી કેમ્પસ તથા પ્લાસ્ટીક વેસ્ટ મુક્તિ અભિયાન બાબત.

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા સંલગ્ન તમામ કોલેજો, માન્ય અનુસ્નાતક કેન્દ્રો, સંસ્થાઓના આચાર્યશ્રી, પ્રોફેસર ઇનચાર્જશ્રીઓ, વડાશ્રીઓ તથા અનુસ્નાતક ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓને ઉપરોક્ત સંદર્ભ દર્શિતપત્ર અન્વયે જણાવવાનું કે હાલમાં સમગ્ર વિશ્વ પર્યાવરણને લગતી સમસ્યાઓ સામે જઝુમી રહ્યું. છે. સમગ્ર વિશ્વ વિકાસની હરણફાળ ભરવામાં પર્યાવરણને ખુબજ ગંભીર રીતે નુકશાન થઈ રહ્યું છે. આ કારણે ક્લાઈમેટ ચેન્જ, ગ્લોબલ વોર્મિંગ, ઓઝોન લેયર જેવી અનેક સમસ્યાઓ ઉભી થઈ છે. આ સંદર્ભમાં યુનિવર્સિટી દ્વારા વૃક્ષારોપણની ઝુબેશ શરુ કરવામાં આવેલ હતી જેનો આપ સર્વે તરફથી પૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો. હવે પછી આપણે સૌએ આપણા માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા સિંગલયુઝ પ્લાસ્ટીક તથા પ્લાસ્ટીક વેસ્ટ મુક્તિ માટે જે અભિયાન શરુ કર્યું છે તેને વેગ અને ટેકો મળી રહે તે માટે યુનિવર્સિટી દ્વારા આપની કોલેજ, માન્ય અનુસ્નાતક કેન્દ્ર, સંસ્થા અને ડીપાર્ટમેન્ટમાં કાર્યરત શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓને સાથે રાખીને તા.૧૯/૦૯/૨૦૧૯ થી તા.૧૯/૧૦/૨૦૧૯ દરમિયાન સિંગલયુઝ પ્લાસ્ટીક ફ્રી કેમ્પસ તથા પ્લાસ્ટીક વેસ્ટ મુક્તિ અંગે ખાસ ઝુબેશ હાથ ધરવા અને કાર્યક્રમો આયોજિત કરવા વિનંતી છે. આપણો સૌનો આ નાનકડો પ્રયાસ પર્યાવરણના જતન માટે ખુબ મોટો થઈ બનશે. વધુમાં આપે કરેલ કામગીરીનો સંક્ષિપ્ત અહેવાલ અને ફોટોગ્રાફ તા.૨૧/૧૦/૨૦૧૯ સુધીમાં યુનિવર્સિટીને મોકલી આપવા વિનંતી જેથી યુનિવર્સિટી મેગેઝીન “ઉપક્રમ” નાં આગામી અંકમાં તેનો સમાવેશ કરી શકાય.

કા. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી,
ગોધરા.

પ્રતિ,
- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા સંલગ્ન તમામ કોલેજો, માન્ય અનુસ્નાતક કેન્દ્રો, સંસ્થાઓના આચાર્યશ્રી, પ્રોફેસર ઇનચાર્જશ્રીઓ, વડાશ્રીઓ તથા અનુસ્નાતક ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.